અપીલ અરજી નં.૨૬૨,૨૬૩,૨૯૩ તા.૨૩–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી અસદ રમજાની શેખ
સામાવાળા:– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

## ફરીયાદની હકીકત:–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અસદ રમજાની શેખની તા.૩૦–૧૦–૧૦ની આઈ ડી નં.૮૧૦ અરજીથી તા.૨૩–૧–૧૦ નો હુકમ થયાને નવ (૯) માસ જેટલો સમય થયા છતાં હુકમનો યોગ્ય અમલ કયા કારણોસર કરવામાં આવેલ નથી તેની વિગતો તથા આઈ ડી નં.૮૦૯ થી નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ , ટેના નં.૧૦બી –૧૫–૧૧૧૧–૦ –૦૦૩ વાળી મિલ્કતમાં હાલમાં જે કંઈ સુધારો કે ફેરફાર કરવામાં આવેલા હોય તેની સંપૂર્ણ વિગતો તેને લગતા તમામ કાગળની નકલ

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૬૨–૨૬૩,૨૯૩ /૨૦૧૦–૧૧

શ્રી અસદ રમજાની શેખની તા.૩૦–૧૦–૧૦ની આઈ ડી નં.૮૧૦ અરજીથી તા.૨૩–૧–૧૦ નો હુકમ થયાને નવ (૯) માસ જેટલો સમય થયા છતાં હુકમનો યોગ્ય અમલ કયા કારણોસર કરવામાં આવેલ નથી તેની વિગતો તથા આઈ ડી નં.૮૦૯ થી નં.૧૦બી –૧૫–૧૧૧૧–૦–૦૦૨ , ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૩ વાળી મિલ્કતમાં હાલમાં જે કંઈ સુધારો કે ફેરફાર કરવામાં આવેલા હોય તેની સંપૂર્ણ વિગતો તેને લગતા તમામ કાગળની નકલ આપવા બાબતે બંને અરજીઓથી અરજદારે મિલ્કત નં.૧૦/ ૨૪૩૮ ની આકારણી ની વિગતોની માંગણી કરેલ છે. આમ બંને અરજીઓના અરજદાર તેમજ જાહેર માહિતી અધિકારી એક જ હોવાથી તેમજ માહિતીની મિલ્કત અને તેની વિગતો એક સરખી હોવાથી તેમજ અરજદાર ધ્વારા આજ બાબતે તા.૧૮–૧૨–૧૦ ના રોજ ત્રીજી અપીલ આઈ ડી નં.૮૦૯ અને ૮૧૦ હેઠળની જ માહિતી માટે કરેલ હોઈ બંને અરજીઓનું તથા ત્રણેય અપીલોનું જોડાણ કરી હુકમ કરવામાં આવે છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલ નં.૨૬૨ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯૫ તા.૨૭–૧૧–૧૦ તથા અપીલ નં.૨૬૩ અંગે પત્ર નં.૯૯૬ તા.૨૭–૧૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૧૦૦ તા.૨૨–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં તા.૩૦–૧૦–૧૦ ની બંને અરજીની પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તથા પત્ર નં.એઆરડી/૧૦૦ તા.૩–૧૧–૧૦ થી અરજદારને માહિતી મેળવવા અંગે પાઠવેલ પત્રની નકલ, તથા સરખા નંબરે તા.૧૯–૧૧–૧૦ થી આપેલ માહિતીની નકલ રજૂ કરેલ છે. તથા ફુડ લાયસન્સની ૨૦૦૯–૧૦ ની નકલ વ્યવસાયવેરાની ૧૯–૬–૧૦ ની નોંધણી પ્રમાણપત્ર નં.પીઈસી/૦૩/સીઝેડ/૭૮૯૨૪ ની નકલ,તથા ગુમાસ્તા લાયસન્સની ૨૦૧૦ની નોંધણી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ છે. તથા અરજી ફી ભર્યાની વિગતોતથા અરજદારને સી.ઝેડ/ગુમાસ્તા/આ.નં.૩૨૨ તા.૪–૧–૧૦ થી આપેલ માહિતીની નકલ,તથા અગાઉના અપીલ નં.૩૮૩ /૦૯–૧૦ ના તા.૬–૬–૧૦ ના હુકમની નકલ તથા અરજદારને દફતરી રેકર્ડ ચકાસણી જવા માટે ગુમાસ્તાધારા તરફથી પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/ગુમાસ્તા/૪૫૧ તા.૨૯–૩–૧૦ ના પત્રની નકલ, પત્ર નં.એઆરડી/૩૦૨ તા.૧૨–૧૧–૧૦ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ, તથા એઆરડી/૧૦૨ તા.૧૨–૧૧–૧૦ ના પત્રની નકલ તથા લાયસન્સ રદ કરવા અંગે તા.૪–૧૨–૦૯ ના રોજ આપેલ અરજીની પહોંચની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદારને પણ તા.૧૮–૧૨–૧૦ ની સરખી વિષય વસ્તુઓની માહિતી અરજી અંગે કઈ માહિતી મળેલ છે અને કઈ મળેલ નથી તે સ્પષ્ટ કરવા તા.૨૮–૧૨–૧૦ ના રોજ પૂરક વિગત માટે પત્ર પાઠવેલ પરંતુ કોઈ વિગતો રજૂ થયેલ નથી.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની ઉપરોકત વિષયમાં જણાવેલ બાબત હેઠળ માહિતી માંગતી બંને અરજીઓ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને આઈ ડી નં.૮૧૦ થી અરજદારે મે.કમિ.શ્રીના તા.૨૩–૧–૧૦ ના હુકમ બાબતે આકારણી દફતર તપાસતાં ઉકત જણાવેલ "મિલ્કત વોર્ડનં.૧૦/૨૪૩૮ થી નોધાંયેલ મિલકતનો ટેના નં. ૧૦બી–૧૫ –૧૧૧૧–૦–૦૦૨ તથા ૦૦૩ થી દાખલ ભાડુતોના નામો કાયદેસરના પુરાવાની માંગણી કરવા છતાં નહીં મળતાં તેઓના નામો ભાડુત તરીકે રદ કરી ફકત કબ્જા આધારે " ધી હોલ્ડર" તરીકે આકારણી દફતરે નોંધ કરવામાં આવેલ છે." તેવી માહિતી પૂરી પાડેલ છે. જેના અનુસંધાને અરજદારે માગેલ માહિતી મળી નથી તેવુ જણાવી તા. ૨૩/૧૧/૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ કઈ માહિતી મળી નથી તે અંગે કોઈ આધાર કે પુરાવા રજુ કરેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી તેવી માહિતી સમય મર્યાદામાં પુરી પાડવામાં આવેલ જણાય છે. જયારે આઈ ડી નં.૮૧૦ મ્યુ. કમિશ્નરનાં હુકમનો કયા કારણસર અમલ થયેલનથી તે અંગે જાહેર માહિતી અધિકારીએ "સદર ટેનામેન્ટથી દાખલ ભાડુતોના નામો ચાલુ રાખવા બાબતે કાયદેસરના પુરાવાની માંગણી કરતાં તે રજુ કરવા વ્યાજબી સમય આપવાનો થતો હોય , એફ .ડી .ટી. નં.૪૩ તા. ૨૦/૧૦/૧૦ થી " ધી હોલ્ડર" તરીકે ની આકારણી દફતરે નોંધ કરવામા આવેલ છે. " તેવી માહિતી આપવામાં આવેલ છે.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની આઈ ડી નં.૮૦૯ થી ટેના નં.૧૦બી–૧૫–૧૧૧૧–૦–૦૦૨ અને ૦૦૩ સબંધી મિલ્કતમાં હાલમાં જે કોઈ સુધાર કે ફેરફાર કરવામાં આવેલ હોય તો તેની સંપૂર્ણ વિગતો તેને લગતા તમામ કાગળની નકલ ને લગતી માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને પત્ર નં.૧૦૦ તા.૩–૧૧–૧૦ થી સદર માહિતી મેળવવા પાના નંગ–૯ ના પ્રતિ રૂા.૨/– લેખે રૂા.૧૮/– ધરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૧૦૯૫૫૦ તા.૧૬–૧૧–૧૦ થી ભરપાઈ કરેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર

નં.સે.ઝોન/એઆરડી/૧૦૦ તા.૧૯–૧૧–૧૦ થી અરજદારને અરજી સંદર્ભે આકારણી દફતર તપાસતાં ઉકત જણાવેલ મિલ્કતના ટેના મેન્ટ નંબરોથી દાખલ ભાડુતોના નામો તેઓની અરજીથી રજૂ કરેલ ગુમાસતાધારા લાયસન્સ તેમજ સ્થળ ઉપર કબ્જાના આધારે તેઓના નામો આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. પરંતુ આ બાબતેની આપની વખતો વખતની વાંધા અરજીના સંદર્ભે ભાડુતો પાસે કાયદેસરના પુરાવાની માંગણી કરતાં તેઓ તરફથી સદર પુરાવા રજૂ નહીં થતાં તેઓનું નામ રદ કરી ફકત કબ્જાના આધારે " ધી હોલ્ડર" તરીકે આકારણી દફતરે નોંધ કરવામાં આવેલ છે. " તેવી માહિતી આપેલ છે. સાથે પાના નંગ–૯ ની નકલ સમય મર્યાદામાં પૂરી પાડેલ જણાવેલ છે. જે બાબતે અરજદારેનામ હોલ્ડર તરીકે દાખલ કર્યા તેની સાથે નવા ગુમાસ્તા ધારા લાયસન્સ કેન્સલની કોપી નથી મળેલ તેવું જણાવી તા.૨૩–૧૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અરજદારની મુળ અરજીથી અપીલ તબકકે અલાયદી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધકારીએ પૂરક વિગતોમાં સદર ટેના માં દાખલ ભાડુતોના નામો તેઓની અરજી સાથે રજૂ કરેલ ગુમાસ્તાધારા લાયસન્સ તેમજ સ્થળ ઉપર મળેલા કબ્જાના આધારે ૦૦૨ ઉપર સીદ્દીક મહંમદ તંબુવાલા તથા ૦૦૩ ઉપર એવન ટી સેન્ટરના નામો આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે. આ બાબતે મિલ્કત ના માલિક /અરજદારની વખતોવખતની વાંધા અરજી સંદર્ભે દાખલ ભાડુતો પાસે કાયદેસરનાં પુરાવાની માંગણી કરતા તેઓ તરફથી પુરાવા રજુ નહી થતાં તેઓના નામો ભાડુત તરીકે રદ કરી ફકત કબ્જાના આધારે " ધી હોલ્ડર " તરીકેની નોંધ આકારણી દફતરે કરવામાં આવેલ છે. તેવુ જણાવવેલ છે.આમ અરજદારને ગુમાસ્તા લાઈસન્સ તેમજ સ્થળ ઉપર કબ્જાના આધારે નામો આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. તેમજ અરજદારને તે અગે કોમ્પ્યુટરરાઈઝ પાર્ટીસ્ટેટસ પાના નંગ–૨ તથા તુમારના પાના નંગ–૭ પૂરા પાડવામાં આવેલ હોવાનું પણ નોંધ વિભાગમાં જણાવેલ છે. આમ અરજદારને માંગેલ માહિતીની વિગતોની નકલો તથા તુમારની વિગતની નકલો પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારે તા.૩૦–૧૦–૧૦ ની અરજી બાબતે જે ફેરફાર કરેલા છે તે ઓર્ડર મુજબ નથી અને અધૂરા કરેલા છે જે માન્ય નથી કોર્ટ મેટર થયેલ છે તેવી માહિતી કયાંથી મળી અને તેને લગતા દસ્તાવેજી પુરાવા આપવાની રજૂઆત કરી અપીલ નં.૨૯૩ થી તા.૧૮–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૦૩ તા.૨૮–૧૨–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારને ઉપરોકત ફરીયાદ હકીકતમાં જણાવેલ આઈ ડી નં.૮૦૯ થી માંગેલ અરજીથી જાહેર માહિતી અધિકારી ધ્વારા સે.ઝોન/એઆરડી/૧૦૦ તા.૩–૧૧–૧૦ ના પત્રથી નાણા ભરવા તથા તા.૧૯–૧૧–૧૦ ના પત્રથી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેની સાથે જાહેર માહિતી અધિકારીએ પૂરાપાડેલ સુધારા પત્રક સદર ટેનામેન્ટના અરજદારને પૂરા પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ થયેલ પૂરક માહિતી પૈકી એઆરઓના નોંધ વિભાગ તા.૨૦–૧૦–૧૦ ની તથા સાથે રજૂ કરેલ વિગત અનુસાર જેમાં ૦૦૧ થી ૦૦૩ માં ઈમલેદાર તરીકે હાજીભાઈ શેખ અને અસદ રમજાન શેખ પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે તેમનું નામ દાખલ કરવામાં આવેલ છે. જેમાં ૦૦૧ માં ભાડુત તરીકે એડવર્ડ વોશીંગ જયારે ૦૦૨ માં ધારણકર્તા દર્શાવવામાં આવેલ છે. તા.૫–૧૨–૦૯ ના રોજ સીલેકશન હાઉસ અને એવન ટી સેન્ટરના ગુમાસ્તા હેઠળના પ્રમાણપત્રો રદ કરેલ છે યાસ્મીન સીદ્દીકભાઈ તંબુવાલા તરફથી તેઓના કાયદેસરના ભાડુત હોવાના કોઈ પુરાવા રજૂ કરેલ ન હોઈ તે ધ્યાને લઈ આકારણી દફતરે એફડીટી નં.૫ તા.૧૧–૬–૦૯ મુજબ દાખલ ટેનામેન્ટ થી નોંધાયેલ ભાડુતો ૦૦૨ માં સીદ્દીકભાઈ તંબુવાલા તથા ૦૦૩ માં એવન ટી સેન્ટરના નામો તા.૧–૫–૦૯ થી કમી કરી સુધારા પત્રક–બ મુજબ ધારણકર્તા તરીકે નોંધ કરવામાં આવેલ છે. સદર મિલ્કતના દાખલ ભાડુતોના નામો તેઓની અરજી સાથે રજૂ કરેલ અને ગુમાસ્તાધારા લાયસન્સ તેમજ સ્થળ ઉપર મળેલા કબ્જાના આધારે ૦૦૨ પર સીદ્દક મહંમદ તંબુવાળા તથા ૦૦૩ પર એવન ટી સેન્ટરના નામો આકારણી દફતરે દાખલ કરવામાં આવેલ છે આ બાબતે મિલ્કત માલિક/અરજદારની વખતો વખત વાંધા અરજી સંદર્ભે દાખલ ભાડુતો પાસ ે કાયદેસરનાપુરાવાની માંગણી કરતાં તેઓ તરફથી પુરાવા રજૂ નહીં થતા વાજબી સમય આપવાનો થતો હોય તુમાર નં.એફડીટી/૪૩ તા.૨૦–૧૦–૧૦ થી તેઓના નામો ભાડુત તરીકે રદ કરી ફકત કબ્જાના આધારે " ધી હોલ્ડર" તરીકે નોંધ આકારણી દફતરે કરવામા આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી આકારણી દફતરે ઉપલબ્ધ તુમારની વિગતો અને તેની નકલો અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૦–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય ત્રણેય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર અપીલમાં નામ હોલ્ડર તરીકે દાખલ કર્યા તેના સાથે નવા ગુમાસ્તાધારા કેન્સલની કોપી નથી મળેલ તેવા અપીલ તબકકે મુળ અરજીથી અલાયદા પ્રશ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી(સેન્ટ્રલઝોન ) ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અસદ રમજાની શેખ,